BUSINESS મિત્ર

શેરબજારમાં રોલરકોસ્ટર રાઇડ: IT અને મેટલમાં પ્રોફિટ બુકિંગથી રોકાણકારોના ૭૮ હજાર કરોડ સ્વાહા

ઇન્ટ્રાડે હાઈથી સેન્સેક્સ ૮૦૦ પોઇન્ટ તૂટ્યો

નિફ્ટી માંડ ૩૪ પોઇન્ટ પ્લસ

ઓટો સેક્ટરે બજારને બચાવ્યું

મહોરમ નિમિત્તે આજે બીએસઇ-એનએસઇ બંધ રહેશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25: ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો ચાલુ રહેતા અને અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું તે પહેલાના સ્તર પર આવવાના કાણે શેરબજારમાં ભારે ધુમ મચાવી હતી, પરંતુ દિવસના છેલ્લા દોઢ કલાકમાં આખુંય વાતાવરણ બદલાઇ ગયું હતું, ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ અને નિફ્ટીએ એક ટકાનો ઉછાળો લગાવ્યો હતો, પરંતુ તે પછી પ્રોફીટ બુકીંગની સાથે આઈટી અને મેટલ સેકટરમાં વેચાણના દબાણ હેઠળ મોટાભાગે ગાયબ થઇ ગયો હતો. સેન્સેકસ ઈન્ટ્રાડે હાઇથી 800 પોઇન્ટ તુટી ગયો હતો, જ્યારે નિફ્ટી પણ 23250ને પાર કરીને 24050ની નીચે આવી ગયો હતો. આવો જ ટ્રેન્ડ વ્યાપક સ્તરે જોવા મળ્યો હતો. જ્યારે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં નરમાઇ જોવા મળી હતી. આવતીકાલે મહોરમ તહેવાર નિમિત્તે ભારતીય શેરબજારો બંધ રહેશે.

સેકટર વાઇઝ બજારને આજે ઓટો સેકટરનો મજબૂત ટેકો મળ્યો હતો, જેણે બજારને વધુ પડતુ નીચે આવવા દીધુ નહતું. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 2 ટકાથી વધુના વધારા સાથે બંધ રહ્યો હતો. બીજી તરફ, આઈટી સેકટર બજારને નીચે લાવવાનો જોરદાર પ્રયાસ કર્યો હતો, નિફ્ટી મેટલ ઈન્ડેકસ એક ટકાથી વધુ નબળી પડી હતી. આ જ સમયે પીએસયુ બેન્કો અને ખાનગી બેન્કોના નિફ્ટી ઈનડૂક્સમાં અડધા ટકાનો ઉછાળો આવ્યો હતો. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 78 હજાર કરોડનો ઘટાડો નોંધાયો હતો. જેના લીધે માર્કેટ કેપ રૂ. 475 લાખ કરોડ થયો હતો. બીએસઇ સેન્સેક્સ 109.25 પોઈન્ટ એટલે કે 0.14 ટકા વધીને 77100.47 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77803 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76993 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 34.35 પોઈન્ટ એટલે કે 0.14 ટકા વધીને 24056 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24261 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24039 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 26.70 પોઈન્ટ એટલે કે 0.05 ટકા વધીને 58177.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ગ્લોબલ હેલ્થ લિ.માં 60.42 ગણા, બીઈએલમાં 9.54 ગણા, અશોક લેલેન્ડમાં 8.28 ગણા, ફીઝીક્સવાલા લિ.માં 6.27 ગણા અને ટાટા કેમિકલ્સમાં 6.15 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે મધરસન સુમીમાં 13.09 ગણા, ઈન્ડિયા સિમેન્ટમાં 11.74 ગણા, ટાટા કેમિકલ્સમાં 11.46 ગણા, હોનાસા કન્ઝયુમરમાં 5.48 ગણા અને આશાહી ઈન્ડિયા ગ્લાસમાં 4.57 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.30 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.11 ટકા વધ્યો હતો. જોકે, માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઇ ખાતે 1651 શેરો વધ્યા હતા, જ્યારે 2566 શેરો ઘટયા હતા, જ્યારે 197 શેરો યથાવત રહ્યા હતા.

ક્રુડ ઓઇલના ભાવ ઘટતા ઓટો શેરોની ચમક વધી હતી. નિફ્ટી ઓટો ઈનડેક્સ 2.225 ટકા વધ્યો હતો. જેમા સંવર્ધન મધરસન, ટીવીએસ મોટર, અશોક લેલેન્ડ, મહિન્દ્રા-મહિન્દ્રા, મારૂતિ સુઝુકી, યુનો મિન્ડા, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, ભારત ફોર્જ, બજાજ ઓટો અને આઈશર મોટર વધ્યા હતા, જ્યારે ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, એકસાઈડ ઈન્ડ., અને સોના બીએલડબલ્યુ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 156 પોઈન્ટ વધીને રહેતા યુએસ બજારો પોઝિટિવ ઓપનીંગના સંકેત આપે છે. ક્રુડ ઓઇલના ભાવમાં સંઘર્ષ પહેલાના સ્તરની નજીક તીવ્ર ઘટાડાથી ફુગાવાની ચિંતાઓ હળવી થઇ હતી અને રોકાણકારોને યુરોપિયન સેન્ટ્રલ બેન્ક દ્વારા વધુ નાણાકીય કડકાઈ સાથે 25 બેસીસ પોઈન્ટનો વધારો કર્યો હતો. ચીપ જાયન્ટ માઈક્રોન અને કવાલકોમની મજબૂત કમાણી અને આગાહી પછી એશિયન બજારો ઉંચા મથાળે બંધ રહ્યા હતા. જેણે વૈશ્વિક શેરો રેકોર્ડ ઉંચા સ્તરે ધકેલ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.44 ટકા, કેક 0.57 ટકા અને ડેક્સ 0.67 ટાક સુધારા સાથે ચાલી રહ્યા છે.

રૂપિયામાં મજબૂતાઇ આગળ વધી

ક્રુડ ઓઇલમાં અવિરત ઘટાડાના કારણે રૂપિયામાં મજબૂતાઇ આગળ વધી હતી. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 27 પૈસા મજબૂત થઇને 94.40ના સતેર બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.67ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.26, પાઉન્ડ 124.19, કેનેડિયન ડોલર 66.47, ઓસ્ટ્રેલિયન ડોલર 65.12, જાપાનીઝ યેન 0.5831 અને સીંગાપોર ડોલર 72.60ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.40 રૂ.
યુરો	107.26 રૂ.
પાઉન્ડ	124.19 રૂ.
યેન	0.5831 રૂ.

સેન્સેક્સ	109.25	77100.47
નિફ્ટી	34.35	24.56.00
બેન્ક નિફ્ટી	26.70	58177.05

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	4.66	5450.00
મેક્સ હેલ્થકેર	3.85	1123.35
મહિન્દ્રા-મહિન્દ્રા	3.84	3182.20
મારૂતિ સુઝુકી	3.75	13745.00
ટાટા કન્ઝયુમર	3.02	1131.30

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	2.88	233.10
પાવરગ્રીડ	2.41	283.90
હિન્દાલ્કો	2.40	953.20
ટેક મહિન્દ્રા	1.68	1437.10
બીઇએલ	1.54	407.20

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	4.82	5454.10
મહિન્દ્રા-મહિન્દ્રા	3.90	3184.00
મારૂતિ સુઝુકી	3.77	13752.00
એસબીઆઇ	1.00	1045.00
ICICI બેન્ક	0.82	1385.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	2.17	284.50
ટેક મહિન્દ્રા	1.45	1440.00
ભારતી એરટેલ	1.40	1850.70
બીઇએલ	1.33	408.25
ઇન્ફોસીસ	1.28	1042.90

ક્રૂડ ઓઈલ ડાઉન, ઓટો શેર્સ અપ

મારૂતિ સુઝુકી લઇને મહિન્દ્રા-મહિન્દ્રા સુધી તોફાની તેજી જોવા મળી

મુંબઇ, તા. 25: વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડાની સીધી અસર ભારતીય શેરબજાર પર જોવા મળી રહી છે, ખાસ કરીને ઓટો સેકટરમાં ટ્રેડિંગ સત્ર દરમ્યાન ઓટો કંપનીઓના શેરમાં જોરદાર ખરીદી જોવા મળી હતી અને ઘણી કંપનીઓના શેરમાં ચાર ટકાનો ઉછાળો આવ્યો હતો. મારૂતિ સુઝુકી અને યુનો મિન્ડા જેવા અગ્રણી નામો આ ઉછાળામાં મોખરે હતા, જે રોકાણકારોને પ્રભાવશાળી વળતર આપે છે.

વાસ્તવમાં, ક્રુડ ઓઇલના ભાવ ઓટો ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ પરિબળ છે. સસ્તા ક્રુડ ઓઇલનો અર્થ એ છે કે કંપનીઓ ઉત્પાદન અને પરિવહન ખર્ચમાં ઘટાડો કરી શકે છે. તદુપરાંત, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રાહત ગ્રાહકોની ખરીદ શક્તિમાં વધારો કરે છે, જેના કારણે વાહનોની માંગમાં સુધારો થવાની અપેક્ષા છે. આ જ કારણ છે કે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થતાની સાથે જ રોકાણકારોએ ઓટો શેરોમાં તેજીની ખરીદી શરૂ કરી દીધી હતી.

વાસ્તવમાં, ક્રુડ ઓઇલના ભાવ ઓટો ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ પરિબળ છે. સસ્તા તેલનો અર્થ એ છે કે કંપનીઓ ઉત્પાદન અને પરિવહન ખર્ચમાં ઘટાડો કરી શકે છે. તદુપરાંત, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રાહત ગ્રાહકોની ખરીદ શક્તિમાં વધારો કરે છે, જેના કારણે વાહનોની માંગમાં સુધારો થવાની અપેક્ષા છે. આ જ કારણ છે કે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થતાની સાથે જ રોકાણકારોએ ઓટો શેરોમાં તેજીની ખરીદી શરૂ કરી દીધી હતી. ભારતની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારૂતિના શેરમાં મજબૂત ખરીદી જોવા મળી હતી અને તે ટોચના મુવર્સમાં હતી. યુનો મિન્ડા ઓટો પાર્ટસ સેકટરમાં આ કંપનીના શેરોએ રોકાણકારોને ઉત્તમ વળતર આપ્યું હતું અને તેજીનું નેતૃત્વ કર્યુ હતું. મહિન્દ્રા-મહિન્દ્રા, ટાટા મોટર્સ અને અન્ય મોટો ઓટો કંપનીઓના શેરમાં પણ રોકાણકારોનું સકારાત્મક વલણ જોવા મળ્યું છે.

માર્કેટ એક્સપાર્ટ્સનું માનવું છે કે આ તેજી માત્ર ટૂંકા ટ્રેન્ડ ન હોઇ શકે, પરંતુ જો ક્રુડ ઓઇલના ભાવ વધુ નરમ રહેશે તો ઓટો સેક્ટર મધ્યથી લાંબા ગાળામાં મજબૂતી જોઇ શકે છે. ખાસ કરીને પેસેન્જર વ્હીકલ અને ઓટો કમ્પોનન્ટ કંપનીઓને આનો સૌથી વધુ ફાયદો મળી શકે છે. તદુપરાંત, વધુ સારા માર્જિનની અપેક્ષાઓ અને આગામી તહેવારોની સીઝનમાં માંગ વધવાની સંભાવના પણ આ ક્ષેત્ર માટે સકારાત્મક સંકેતો આપી રહી છે.

સાઉદીમાં હવે વિદેશીઓ પણ ઓનલાઇન ખરીદી શકશે ઘર અને જમીન

રિયલ એસ્ટેટ જનરલ ઓથોરિટીએ સત્તાવાર સાઉદી પ્રોપર્ટીઝ પોર્ટલ લોન્ચ કરશે

નવી દિલ્હી, તા. 25: સાઉદી અરેબિયાના રિયલ એસ્ટેટ માર્કેટમાં નાણાંનું રોકાણ કરવું હવે ખૂબ જ સરળ બની ગયું છે. સાઉદી અરેબિયાએ એક સત્તાવાર ડિજિટલ પ્લેટફોર્મ શરૂ કર્યું છે જેના દ્વારા વિદેશી નાગરિકો હવે સાઉદી અરેબિયામાં સીધા સંપત્તિ ખરીદવા માટે ઓનલાઇન અરજી કરી શકે છે. વિદેશી રોકાણકારો માટે રોકાણને વધુ સરળ બનાવવા માટે આ ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે.

આ પગલું નવા માલિકી કાયદા હેઠળ આવે છે જે આ વર્ષની શરૂઆતમાં અમલમાં આવ્યો હતો. રિયલ એસ્ટેટ જનરલ ઓથોરિટીએ આ સત્તાવાર 'સાઉદી પ્રોપર્ટીઝ પોર્ટલ' શરૂ કરવાની જાહેરાત કરી છે, જે વિદેશીઓને મધ્ય પૂર્વમાં સૌથી ઝડપથી વિકસતા પ્રોપર્ટી બજારોમાંના એકમાં પ્રવેશવાનો માર્ગ મોકળો કરે છે.

આ નવું ડિજિટલ પ્લેટફોર્મ વિદેશી માલિકીની અરજીઓ માટે સિંગલ સત્તાવાર ચેનલ તરીકે ડિઝાઇન કરવામાં આવ્યું છે. આ પોર્ટલ દ્વારા, સાઉદી અરેબિયાની અંદર અને બહાર રહેતા પાત્ર વ્યક્તિઓ અને કંપનીઓ સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન પૂર્ણ કરી શકે છે. આમાં પાત્રતા તપાસવી, અરજીઓ સબમિટ કરવી, એપ્લિકેશન ટ્રેકિંગ અને સરકાર દ્વારા મંજૂર કરાયેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ વિશે માહિતી મેળવવાનો સમાવેશ થાય છે. આ પગલું સાઉદી અરેબિયાની ક્રુડથી આગળ તેના અર્થતંત્રમાં વિવિધતા લાવવા અને દેશને વ્યવસાય, પર્યટન અને રિયલ એસ્ટેટ માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે.

ચોમાસામાં વિલંબ છતાં FMCG સેક્ટરમાં ચમકારો

નુવામાના રિપોર્ટ મુજબ HUL અને ગોદરેજમાં ડબલ ડિજિટ ગ્રોથ શક્ય; ગ્રામીણ માંગ હજુ પણ મજબૂત

મુંબઇ, તા. 25: ચોમાસામાં વિલંબ અને અલનીનોની ચિંતાઓ ફાસ્ટ મુવીંગ કન્ઝયુમર ગુડઝ-એફએમસીજી શેરોને અસર કરી શકે છે, પરંતુ નુવામા અપેક્ષા રાખે છે કે ગ્રાહક કંપનીઓ વધુ એક મજબૂત કવા4ટરની જાણ કરશે, જેમાં સારા વેચાણ અને વોલ્યુમ વૃદ્ધિ સમગ્ર ક્ષેત્રમાં ચાલુ રહેશે.

નુવામા ઈન્સ્ટિટયુશનલ ઈક્વિટીઝના જણાવ્યા અનુસાર મોટાભાગની એફએમસીજી કંપનીઓ 2026ના જાન્યુઆરી-માર્ચ કવાર્ટરમાં જોવા મળેલી પુન:પ્રાપ્તિ પર નિર્માણ કરશે. નેસલે ઈન્ડિયા, મેરિકો, પીડીલાઈટ, એશિયન પેઈન્ટસ, બર્જર પેઈન્ટસ અને ઈમામી જેવી ઘણી કંપનીઓ 2026ના એપ્રિલ-જુન કવાર્ટરમાં મજબૂત સંખ્યા આપશે. જ્યારે એચયુએલ અને ગોદરેજ કન્ઝયુમર જેવી મોટી કંપનીઓ લગભગ બે આંકડાની વેચાણ વૃદ્ધિ અને વોલ્યુમ ગ્રોથ લગભગ 7 ટકા જોઇ શકે છે. જોકે, રોકાણકારો નબળા વરસાદ અને ઓછી વાવણી પ્રવૃત્તિને લઇને ચિંતિત છે. તેમએ કહ્યું કે, જુના ડેટા ગ્રાહકોની માગમાં તીવ્ર ઘટાડાના ભયને સમર્થન આપતા નથી. અમે જોયું છે કે ઓછામાં ઓછા છેલ્લા 10 વર્ષમાં વરસાદમાં ઘટાડો અને સેકટરના વોલ્યુમમાં ઘટાડો વચ્ચે કોઇ મોટો સબંધ નથી. હાલમાં ગ્રામીણ માગ સારી છે, જેને ઘણા રાજ્યોમાં સરકારના કલ્યાણકારી પગલાંઓથી ટેકો મળ્યો છે. ચોમાસામાં કોઇપણ ઉણપની વાસ્તવિક અસર, જો જાહેર કરવામાં આવે છે. તો તે 2026-27ના બીજા ભાગમાં જ સ્પષ્ટ થશે.

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૩.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૮	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૧
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૪	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૦	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૨	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૬
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૦	૧૦૦ ટેક્ષ	૧૩૯	૬૮ ક્રિમ્પ	૧૪૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૮	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૨
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૯	૮૦/૭૨ રોટો	૧૪૩	૭૫ ક્રિમ્પ	૧૪૧
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૩૯
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૫૪૦૦
તેજાબી સોનું	૧૪૫૩૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૧૩૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૨૪૯૦
સોનાનાં બિસ્કીટ	૧૪૫૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૭૫૦૦
ચાંદી સિક્કા	૨૨૯૦૦૦

પેન્શન ખાતામાંથી બેંકો હવે મનસ્વી રીતે પૈસા કાપી શકશે નહીં

બેંકોને વધારાની રકમ પરત લેતા પહેલા નોટિસ અને કારણ આપવું જરૂરી

મુંબઈ, તા. 26: નિવૃત્તિ પછી વરિષ્ઠ નાગરિકો તેમના જીવનનિર્વાહ અને દવાઓ જેવા ખર્ચ માટે સંપૂર્ણપણે માસિક પેન્શન પર નિર્ભર હોય છે. ઘણીવાર ટેકનિકલ ખામીને લીધે બેંકો ભૂલથી વધુ પેન્શન જમા કરી દેતી હતી અને પછી પેન્શનર્સને જાણ કર્યા વિના એકસાથે મોટી રકમ કાપી લેતી હતી. આ સમસ્યાને દૂર કરવા ભારતીય રિઝર્વ બેંકે (RBI) પેન્શન વસૂલાતના નિયમોમાં ઐતિહાસિક સુધારો કર્યો છે.

નવા નિયમો અનુસાર, કોઈપણ બેંક હવે પેન્શનધારકના ખાતામાંથી અચાનક વધારાની ચૂકવણી વસૂલ કરી શકશે નહીં. વસૂલાત કરતા પહેલા બેંકે પેન્શનરને અગાઉથી સત્તાવાર નોટિસ આપવી પડશે. આ નોટિસમાં વધારાની ચૂકવણી ક્યારે અને શા માટે થઈ તેની વિગતો સાથે સંપૂર્ણ ગણતરી શીટ પણ આપવી પડશે.

તદુપરાંત, બેંકે રકમ કેટલા મહિનામાં અને કઈ યોજના હેઠળ કાપવામાં આવશે તેની સ્પષ્ટ માહિતી આપવી પડશે, જેથી વરિષ્ઠ નાગરિકો પોતાના નાણાકીય બજેટનું આયોજન કરી શકે. આ નિર્ણયથી બેંકોની મનમાની અટકશે અને પેન્શનરોને તેમની રકમ ક્રોસ-ચેક કરવાનો અધિકાર મળશે.

સુઝલોનને ટાટા પાવર તરફથી 400 મેગાવોટનો ઓર્ડર મળ્યો

મુંબઇ, તા. 25: દેશની સૌથી મોટી વિન્ડ ટર્બાઈન કંપનીઓમાંની એક સુઝલોન એનર્જીએ ટાટા પાવર સાથેની ભાગીદારી મજબૂત કરી છે. તેને ટાટા પાવર રિન્યુએબલ એનર્જી તરફથી 400 મેગાવોટનો ઈપીસી ઓર્ડર મળ્યો છે. બંને કંપનીઓ વચ્ચેની કુલ ભાગીદારી વધીને એક ગીગાવોટથી વધુ થઇ ગઇ છે. સુઝલોન એનર્જી ત્રણ દિવસથી લાલ નિશાનમાં છે. ટાટા પાવરે સુઝલોન એનર્જીને 400 મેગાવોટનો ઈપીસી ઓર્ડર આપ્યો હતો અને આ સાથે, બંનેએ હવે ચાર રાજ્યોમાં 1 ગીગાવોટથી વધુની ભાગીદારી કરી છે. આ ઓર્ડર સુઝલોનના નવા ડેવકો (ડેવલપમેન્ટ કંપની) બિઝનેસ મોડલ હેઠળ મળ્યો છે.

રાશન વ્યવસ્થામાં મોટા ફેરફારની તૈયારી

અંત્યોદય યોજના હેઠળ હવે પરિવારને બદલે 'માથાદીઠ' મળશે અનાજ

દરેક પાત્ર સભ્યને દર મહિને ૭ કિલોગ્રામ અનાજ

કુટુંબ દીઠ 35 કિલોની મહત્તમ મર્યાદા યથાવત રાખવાનો પ્રસ્તાવ

મુંબઈ, તા. 25: કેન્દ્ર સરકારે દેશની રાશન વ્યવસ્થાને વધુ સંતુલિત અને પારદર્શક બનાવવા માટે 'રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા (સુધારા) બિલ, ૨૦૨૬'નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. આ અંતર્ગત અંત્યોદય અન્ન યોજના (AAY) માં મોટા ફેરફારનો પ્રસ્તાવ છે. અત્યાર સુધી આ યોજના હેઠળ પરિવાર દીઠ દર મહિને ૩૫ કિલો અનાજ આપવામાં આવતું હતું, પરંતુ હવે અનાજનું વિતરણ પ્રતિ વ્યક્તિ (માથાદીઠ) ધોરણે કરવામાં આવશે.

નવા નિયમ મુજબ, પરિવારના દરેક પાત્ર સભ્યને દર મહિને ૭ કિલોગ્રામ અનાજ મળશે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે કુટુંબ દીઠ મળતા અનાજની મહત્તમ મર્યાદા ૩૫ કિલોગ્રામથી વધુ નહીં હોય.

હાલની સિસ્ટમમાં નાના પરિવારોને વ્યક્તિદીઠ વધુ અને મોટા પરિવારોને ઓછું અનાજ મળતું હતું. આ નવી વ્યવસ્થાથી તે અસંતુલન દૂર થશે અને આર્થિક રીતે નબળા તેમજ મોટા પરિવારોને ન્યાયી હિસ્સો મળશે. આ પ્રસ્તાવિત કાયદા પર જનતા અને નિષ્ણાતો ૧૩ જુલાઈ, ૨૦૨૬ સુધી પોતાના વાંધા કે સૂચનો મોકલી શકશે.

સુડોકુ

૪		૯	૩		૬			
૩	૨				૪			
૮	૫	૬	૧		૨		૩	
		૨	૪	૧		૫		૩
૫	૮		૬	૩	૯		૧	૪
૧		૪			૫		૬	૭
			૨	૪	૩		૯	૫
૨	૬				૧	૭	૪	
૯		૫			૮		૨	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

તાવ

કાચકા સેકી તેની મીંજ છૂટી કરવી .તેના વજનથી ત્રીજા ભાગે કાળા મરી ભેળવી ચૂર્ણ બનાવવું. તેમાંથી એક ગ્રામ ચૂર્ણ પાણી સાથે દર ત્રણ કલાકે આપી શકાય.

આજનું પંચાંગ

તા. 26/06/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિઃ સુદ : બારસઃ 22:23, ચંપક દ્વાદશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 05
યોગ : સિધ્ધ **કરણઃ** બવ
નક્ષત્ર : વિશાખા : 19:16
રાશિ : તુલા (ર.ત.) 12:25 પછી વૃશ્ચિક (ન.ય.)
દિવસ : સામાન્ય - મોહરમ તાજિયા-મુ.
સુરતમાં સૂર્યોદય : 06:01 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:49
પારસી વર્ષ : 1395 બહમન માસનો 16મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 10મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુકાળ : સવારે : 10:30થી 12:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): નવી નોકરી મળી શકે છે. નાના મોટા ધંધા કે ઉદ્યોગ માટેના પ્રયત્નો સફળ રહે. સામાજિક કાર્યમાં યશ મળે.

વૃષભ (બ,વ,ઉ): નોકરીમા વિવાદ ટાળવો. હરીફોથી સાવધાન રહેવુ. માતાના આરોગ્યની ચિંતા સતાવે. ખર્ચા વધશે.

મિથુન (ક,છ,ઘ): પરિવાર સાથે વિવાદ-દલીલ ટાળવી. તમારી મહેનત કામમાં પ્રગતિ કરાવશે. સંતાન જીવન સાથીની ચિંતા.

કર્ક (ડ,હ): નોકરી ધંધા વગેરેમા નવુ શીખવા મળે. બહારના કામમા મદદ મળે. સરકારી યોજનાનો લાભ મળે.

સિંહ (મ,ટ): વિચારો હકારાત્મક રહે. રાજકારણ સાથે જોડાયેલને અચાનક તક મળે. હિત શત્રુઓનો વિરોધ વધશે.

કન્યા (પ,ઠ,ણ): વાણી પર કાબૂ રાખવો. ઘરમા અવર-જવરથી મન અશાંત રહે. નોકરી-ધંધામાં નવી યોજના બને.

તુલા (ર,ત): આરોગ્ય સુધરે દાંપત્ય જીવનમા તાલમેળ રહે. શુભ સમાચાર મળે. ટેકનોલોજીનુ જ્ઞાન નવી તક પેદા કરશે.

વૃશ્ચિક (ન,ય): આરોગ્ય અને માનસિક થાક કામમાં ખલેલ પેદા કરે. હાથ પરના કામ પર ધ્યાન કેન્દ્રીત રાખવું. ખર્ચા વધશે.

ધન (ભ,ધ,ફ,ઢ): મહત્ત્વની ઇચ્છા પૂર્ણ થઇ શકે છે. વેપાર-ધંધાની યોજના પાર પડશે. જીવનસાથી સંતાનોના પ્રશ્નો સતાવે.

મકર (ખ,જ,): નોકરીમા પ્રભાવ વધે. સહ કર્મીઓનો સાથ મળે. મિલકત બાબતે પ્રગતિ થાય. નવા ફેરફારથી રાહત રહે.

કુંભ (ગ,સ,શ,ષ): પરિવારનો સાથ મળે. સંતાનોની પ્રગતિ થાય. પિતાની મદદથી વિદેશના કામમા ગતિ આવે.

મીન (દ,ચ,ઝ,થ): વારસા બાબતે વિવાદ ટાળવો. કામમા સાવધાની રાખવી. અચાનક મુશ્કેલી આવી શકે છે.

કોઈ પણ સાલમાં 26 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન મળે. ધંધામાં નવી યોજના પાર પડે. વ્યવસાયમાં અનુકૂળતા રહે. ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં માન વધે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવાવથી નવા રોકાણ થાય. નવા ઘર, મકાન, વાહનની યોજના અચાનક પાર પડશે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ મળવાથી અટવાયેલા કેસમાં ગતિ આવે. ઉમર લાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ-વિવાહની શક્યતા વધશે. આરોગ્ય સામાન્ય રહે. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓને ટેકનોલોજી વગેરેનું શિક્ષણ મળે. મહેનતનું ફળ મળે. મિત્રો વડીલોની મદદ સામાજીક, કાયદાકીય, વારસા, જાયદાત, જમીન જેવા પ્રશ્નોમાં મળે. વધારાની આવક માટેના પ્રયત્નો સફળ રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર, શનિવાર 8,17,26 તારીખે નવા કામ કરવા. કાળા અને નીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. માર્ચ, એપ્રિલ, બુધવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવો. સોનેરીનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું

ફિફા વર્લ્ડકપ ટ્રોફીની કિંમત ચાર વર્ષમાં બમણાથી વધુ થઇ

ફિફા વર્લ્ડકપ ટ્રોફીમાં 4.93 કિગ્રા શુદ્ધ સોનુ અને 6.175 કિગ્રા 18 કેરેટ સોનાનો ઉપયોગ હોવાથી તેની કિંમત રૂ. 6.73 કરોડ છે



નવી દિલ્હી, તા. 25 : વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં થયેલા તીવ્ર વધારાનો પ્રભાવ રમતગમતની દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત ટ્રોફી પર પણ દેખાઈ રહ્યો છે, જ્યાં ફિફા વર્લ્ડકપ ટ્રોફીમાં હાજર સોનાની કિંમત લગભગ 7.13 લાખ ડોલર લગભગ 6.73 કરોડ રૂપિયા સુધી વધી ગઈ છે. નાણાકીય બજાર ડેટા પ્રદાતા LSEG અનુસાર, આ આંકડો 2022 વર્લ્ડકપ સમયે હતો તેના કરતા બમણાથી વધુ છે.

વર્લ્ડકપ ટ્રોફી 18 કેરેટ સોનાથી બનેલી છે અને તેનું વજન 6.175 કિલોગ્રામ છે, જેમાં આશરે 4.93 કિલોગ્રામ શુદ્ધ સોનું સામેલ છે. ભૂરાજકીય તણાવ, વૈશ્વિક વેપાર અનિશ્ચિતતા અને ધીમી આર્થિક વૃદ્ધિ વચ્ચે સોનાના ભાવમાં થયેલા વધારાને કારણે ટ્રોફીનું મૂલ્ય નવી ઊંચાઈએ પહોંચ્યું છે. જ્યારે આર્જેન્ટિનાએ કતારમાં 2022નો વર્લ્ડકપ જીત્યો, ત્યારે ટ્રોફીના સોનાની કિંમત આશરે 277,000 ડોલર અર્થાત લગભગ રૂ. 2.4 કરોડ હતી. 1974ના વર્લ્ડકપ પહેલા વર્તમાન ડિઝાઇનમાં તેની રજૂઆત સમયે, તેની કિંમત આશરે 25,000 ડોલર અર્થાત લગભગ રૂ. 21.5 લાખ હતી.

ફિફા વર્લ્ડ કપ ટ્રોફી એ વિશ્વની એકમાત્ર મોટી રમતગમતની ટ્રોફી છે જે સોનાની બનેલી છે. તેનાથી વિપરીત, UEFA ચેમ્પિયન્સ લીગ અને UEFA યુરોપા લીગ ટ્રોફી સ્ટર્લિંગ ચાંદીની બનેલી છે, જેની અંદાજિત ધાતુ આધારિત કિંમત અનુક્રમે 16,950 અને 22,600 ડોલર છે.